ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આઠમી વાયબ્રન્ટ સમિટમાં ગુજરાત 'ગેસ્ટ' બનીને જશે, 'હોસ્ટ' નહીં હોય

## મહેમાનોને સાચવવા માટે કોર્પોરેટ કલ્ચરના ઓફિસરો તૈયાર કરાયા

### ચલો અચ્છા હુઆ, સ્વર્ણિમમાં હવે સુપરફાસ્ટ વાઈફાઈનો લાભ મળશે

### ખેડૂતો મગફળી ભૂલ્યા અને કપાસ તરફ વળ્યા એટલે તબાહી શરૂ થઈ

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં ૨૦૦૧માં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ બે વર્ષમાં જ પ્રથમ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનો -રંભ કર્યો હતો. ૨૦૦૩માં યોજાયેલી પહેલી વાયબ્રન્ટ સમિટ મૂડીરોકાણનો એકમાત્ર અખતરો હતો, પરંતુ તેને સફળતા મળતાં મોદીએ ૨૦૦૫માં ફરીથી વાયબ્રન્ટ સમિટ યોજવાની જાહેરાત કરી હતી. દેશ-વિદેશના અનેક મહાનુભાવો આ સમિટમાં ઉમટી પડતાં મોદીએ દર બે વર્ષે વાયબ્રન્ટ સમિટ યોજવાનું ઈજન કર્યુ અને પછી તો ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૩ની સમિટનો જળહળાટ ગુજરાતે અનુભવ્યો

અને એક્સ્પો સ્થળને સંપૂર્ણપણે આધુનિક બનાવી દેવામાં આવ્યું છે. આ તમામ સ્થળે મહેમાનો સરળતાથી ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે તે હેતુથી હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકશન અને વાઈ-ફાઈ સુવિધા પ્રદાન કરાશે. રાજયના સાયન્સ એન્ડ ટેકનોલોજી સંસ્થાના માધ્યમથી એક ટેકિનિકલ ટીમને આ કામગીરી સોંપવામાં આવી છે, જેમાં પ્રાઈવેટ પ્લેયરોનો પણ સમાવેશ થાય છે. હાલ શહેરમાં સચિવાલય અને સ્વર્ણિમ સંકુલમાં વાઈ-ફાઈ નેટની સુવિધા આપવામાં આવી રહી છે પરંતુ તે ધીમી અને અટપટી હોવાથી મોબાઈલ ધારકોને ઉપયોગ કરવામાં તકલીફ



છે. ૧૧મી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ છઠ્ઠી વાયબ્રન્ટ સમિટ છે. જો કે ૨૦૧૭માં આઠમી વાયબ્રન્ટ સમિટ નેશનલ બને તો નવાઈ નહીં, કેમ કે સચિવાલયમાં એવી ચર્ચા ચાલે છે કે મોદી હવે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ ગાંધીનગરમાં નહીં, નવી દિલ્હીમાં કરશે...

**મહાત્મા મંદિર હાઇસ્પીડ વાઇ-ફાઇ રહેશે ...**

પ્રવાસી ભારતીય દિન અને વાયબ્રન્ટ સમિટની ઉજવણી જયાં થવાની છે તે મહાત્મા મંદિર પડી રહી છે, હવે સમિટ પછી આ ક્ષતિનો અંત આવી શકે તેવી સંભાવના છે...

**વાયબ્રન્ટના આમંત્રણ કાર્ડ જોઇએ છે ...**

અમારે કોઇ એમઓયુ સાઈન કરવા નથી પરંતુ નરેન્દ્ર મોદી આવતા હોવાથી અમારે વાયબ્રન્ટ સમિટના આમંત્રણ કાર્ડ જોઈએ છે તેવી માગણી કરતા કેટલાક એજન્ટો પાટનગરની સરકારી

● અનુસંધાન પાન-૭ પર



ફૂટપાથ - ડસ્ટ-ફ્રી બનાવવાના એજન્ડા સાથે કાર્યરત શહેરનું વહીવટી તંત્ર આજકાલ ફૂટપાથ મરામત અને નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. શહેરના અનેક માર્ગો પર જ્યાં ફૂટપાથ તૂટી છે, ત્યાં નવેસરથી પેવર બ્લોક નંખાય છે અને જ્યાં સાવ નથી ત્યાં ફૂટપાથ નિર્માણનું કામ ચાલી રહ્યું છે... આવનારા દિવસોમાં ગાંધીનગરના તમામ માર્ગો પર ફૂટપાથ હશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# સે. ૧૭માં વાઈબ્રન્ટ એક્સ્પો માટે અદ્યતન ડોમ્સ તૈયાર

## કામ આખરી તબક્કામાં : ૧ લાખ સ્કવેર મીટરથી વધુ જગ્યામાં ભવ્ય એક્ઝીબીશન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

મહાત્મા મંદિર ખાતે યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરનો પણ વાઈબ્રન્ટ મેકઓવર કરવામાં આવી રહ્યા છે. સે. ૧૭ના વિશાળ હેલીપેડ મેદાનમાં ભવ્ય એકઝીબીશન માટે પણ અદ્યતન ડોમ્સ તૈયાર કરી દેવાયા છે. ૧ લાખ સ્કવેર મીટરથી વધુ જગ્યામાં હાઈફાઈ-સુવિધા ધરાવતા ડોમ ઉભા કરી દેવાયા છે. એકઝીબીશન પ્લેસને ધ્યાને લઈ ચુસ્ત સલામતી વ્યવસ્થાના પરિબળો પણ મુખ્યત્વે ધ્યાને લેવાયા છે. હાલ વાઈબ્રન્ટ એકમોની તૈયારી આખરી તબક્કામાં ચાલી રહી છે.

આગામી વાઈબ્રન્ટ સમિટ અગાઉને અનુલક્ષી નગર તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેક્ટરોને વાઈબ્રન્ટ લૂક જૂનામાં દુવિધાઓનું દંગલ

## સ્વર્ણિમ પાર્કની એક બાજુ સ્થિત નગરના જૂના સેક્ટરો વાઈબ્રન્ટ ફીવરથી વંચિત

## દબાણ, ગંદકી, ઉબડ-ખાબડ રસ્તાઓ અને અંધારપટ્ટ વચ્ચે બિહામણા ભાસતા સેક્ટરો

ગાંધીનગર, તા. ૨૧

વિકાસના નવા આયામો સાથે હાઈટેક બનતા ગાંધીનગરમાં નવા અને જૂના સેક્ટરોમાં ડેવલપમેન્ટ, બ્યુટીફીકેશન તેમજ સુવિધાઓના મામલે બેવડી નીતિ અપનાવાઈ હોવાનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. સ્વર્ણિમ પાર્કનો ડ્રીમ પ્રોજેકટ અસ્તિત્વમાં આવ્યા બાદ એક બાજુ સેકટરોને સ્વચ્છ, સુંદર અને સુવિધાસભર બનાવવા સરકારી તંત્ર અલાયદા વિઝન સાથે કામે લાગ્યું છે. બીજી તરફ નગરના જૂના સેક્ટરોમાં શેરીએ-શેરીએ દુવિધાઓનું દંગલ

● અનુસંધાન પાન-૭ પર

# મારા સુખ-દુ:ખની ચાવી બીજાના ખીસ્સામાં રાખવી તે જ છે સંસાર

## સમદર્શન યોજિત જ્ઞાનસત્રના ત્રીજા દિવસે પૂજ્ય ગુરૂમાની અમૃતવાણી

ગાંધીનગર, તા. ૨૧

જ્ઞાનસત્રમાં ત્રીજા દિવસના પ્રારંભે માનવજીવનની અલ્પતાનો ખ્યાલ આપી નચિકેતાના ઉદાહરણ દ્વારા પૂજ્ય ગુરૂમાએ સમજાવ્યું કે, અનંત કાળની દૃષ્ટિએ ખૂબ અલ્પ જીવનકાળમાં શા માટે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અહંકારનો સ્થાન આપવું? વળી, આપનુ શરીર વ્યાધિગ્રસ્ત છે. ૪૦ વર્ષ સુધી શરીર આપણી સેવા કરે. ૪૦ પછી આપણે તેની સેવા કરવાની. તો પછી તેમાં લોભ, મોહને સ્થાન આપવાને બદલે ઈશ્વર સાથે એક થવામાં જ સાચી સમજદારી છે.



**જ્ઞાનસત્ર**

વૃદ્ધાવસ્થાની વાસ્તવિકતાનો સ્વીકાર દરેકે કરવો જ રહ્યો તે સમજાવતાં 'ભજગોવિન્દમ્'ના પાંચમા શ્લોકનો અર્થ ગુરૂમાએ સ્પષ્ટ કર્યો કે, જ્યાં સુધી વ્યક્તિમાં ધન કમાવવાની શક્તિ છે, ત્યાં સુધી ઘરના સર્વે તેનામાં આસક્ત હોય છે. દેહ જર્જરિત થતાં કોઈ તેની વાત સાંભળવા પણ તૈયાર નથી.

આ તબક્કે વડીલોએ જીવન વ્યવહાર કેવો કરવો, જેથી ઘર અને સમાજમાં તે માનભર્યુ સ્થાન પ્રાપ્ત કરી શકે તેનો બોધ પૂજ્ય ગુરૂમાએ આ મુજબ આપ્યો :-

જીવન એવી રીતે જીવવુ કે જેની સાથે જોડાયેલા હોઈએ તે તમને ગુમાવવા તૈયાર ન હોય. ધન સિવાયનો નાતો બધા સાથે રહે.

જીવન એવું જીવવું કે પોતાને જીવન અંદરથી ભર્યુ ભર્યુ લાગે. બીજાને તમારી પાસેથી કાંઈક લેવાની ઈચ્છા થાય.

જ્યાં પણ છો ત્યાં ઉપયોગી થઈને રહો. જો ઉપયોગી ન થાવ તો છેવટે બીજાને આડા ન આવો.

વધુ પડતી ખોટી અપેક્ષાઓ ન રાખો.

જ્યાં રહીએત્યાં અનુકુલન સાધીને રહીએ.

વૃદ્ધાવસ્થાની શોભા શાંતિથી બેસતાં શીખવાનુ છે. એવી પ્રવૃત્તિ કરો કે બીજાના આલંબનની જરૂર ન રહે.

ફરિયાદ વૃત્તિ ટાળવી અને બિનજરૂરીસલાહ સૂચનો ન આપવા.

સાથે જ વ્યક્તિએ એ સમજવાનું છે કે, સંબંધ પરિવાર અંતિમ નથી.

જીવનના અનિત્યત્વને સમજાવતાં શંકરાચાર્યજી જણાવે છે કે, જ્યાં સુધી શ્વાસ પ્રાણ ચાલે છે ત્યાં સુધી બધા કુશળતા પૂછે છે. પ્રાણ જાય પછી પતિ, પત્ની કે કુટુંબના અન્ય વ્યક્તિ પણ તેનાથી દૂર જવા માંગે છે. હકીકતમાં શરીર એ લક્ષ્ય નથી. તે સાધન છે. શરીર જીવનનું કેન્દ્રબિંદુ નથી. શરીરને સ્વચ્છ, સુંદર રાખવું જોઈએ, પરંતુ તેના લાલન પાલન કે

● અનુસંધાન પાન-૭ પર

# અક્ષરધામની સામેનાં દબાણ હટાવવાનાં મામલે હંગામો

## વાઈબ્રન્ટનું કારણ આપીને મહિના પુરતું દબાણકારોને હટી જવાનું કહી તંત્રએ ફેન્સીંગ કરવાનું શરૂ કરી દેતા હોબાળો થયો : ફેન્સીંગ પોલ તોડી નાંખી દબાણકારોએ આત્મ વિલોપન અને આંદોલનની ચિમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર વસાવવા માટે જે ગામની જમીનની પણ મદદ લેવાઈ છે તે બોરીજ ગામના મોટા ભાગના લોકો અક્ષરધામની સામે લારી ગલ્લા અને પાથરણા નાંખીને દબાણમાં વર્ષોથી બેઠા છે અગાઉ દબાણ હટાવ ઝુંબેશમાં આ દબાણકારો માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાની વાત થઈ હતી તેના ભાગરૂપે ફુડકોર્ટ ઉભી કરવાનો નિર્ણય લેવાયો હતો અંતે આ મામલે જે તે સમયે શાંત પડયો હતો જયારે હવે આ મામલો ફરીથી ઉછળ્યો છે.

વાઈબ્રન્ટ સમિટને પગલે શહેર ભરમાંથી દબાણ હટાવી લેવાયું છે. તંત્ર અક્ષરધામ સામેના દબાણો પણ હટાવવા ગઈ હતી અને એક મહિના પુરતું દબાણ હટાવી લેવાની વાત કરતાં દબાણકારોએ આ વાતને માનીને દબાણ હટાવી લીધા હતાં. તંત્ર દ્વારા આજની આ જગ્યા પર પોલ લગાવીને ફેન્સીંગ કામગીરી શરૂ કરાતા દબાણકારોનું ટોળુ રોષે ભરાયું હતું અને આત્મવિલોપન કરી લેવાની ચીમકી આપીને તે જગ્યાએ લગાડેલા પોલ ઉખાડીને ફેંકી દેવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર



વધુ એક સર્કલ - શહેરમાં ઘ-માર્ગ પર કલેક્ટર ઓફીસ અને કોર્ટની સામે ટ્રાફીકને નિયંત્રિત કરવા નવા સર્કલનું નિર્માણ થઈ રહ્યું છે... વાયબ્રન્ટ સમિટના પહેલા સમગ્ર શહેરના સર્કલોનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે... એમાં વધુ એક નવું સર્કલ ઉમેરાતા રોનકમાં વધારો થશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓને અધિક કલેકટર તરીકે બઢતી માટે વિચારણા

ગાંધીનગર, તા. ૨૧

ગેસ કેડરના નાયબ કલેકટર કક્ષાના ૨૫ જેટલા અધિકારીઓને અધિક કલેકટર સંવર્ગમાં બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી ટૂંક સમયમાં બઢતી અને બદલીના હુકમો કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓને એડીશનલ કલેકટર તરીકે બઢતી આપવા માટે થોડા સમય અગઉ ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની બેઠક મળી હતી જેમાં બઢતી માટેની પ્રવરતા યાદી તૈયાર કરીને જીપીએસસીની મંજુરી અર્થે રજુ કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જી.પી.એસ.સી. દ્વારા કેટલીક કવેરી કાઢીને સામાન્ય વહીવટ વિભાગ

● અનુસંધાન પાન-૭ પર

# કારકુનની પરીક્ષામાં સૌથી વધુ ૪૫ ગુણ બંધારણના પુછાયા

## આજે લેવાયેલી બિન સચિવાલયની પરીક્ષાનું પ્રશ્નપત્ર સરળ અને ઈઝી : ઉમેદવારો ખુશખુશાલ : રાજ્યભરમાંથી અંદાજે ૪ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી : શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન

ગાંધીનગર, તા. ૨૧

આજે રાજયભરમાં બિન સચિવાલય કારકુનોની ૨૪૪૪ જગ્યાઓની ભરતી માટે વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. જેમાં પેપર સાવ સરળ નિકળતા ઉમેદવારોમાં ખુશી જોવા મળી હતી. એકંદરે પેપર સરળ અને ઈઝી નિકળતા ઉમેદવારોએ લાંબી મહેનત બાદ રાહત અનુભવી હતી. પ્રશ્નપત્રમાં સૌથી વધુ ભાર બંધારણના વિષય પર આપવામાં આવ્યો હતો. જ્યારે પ્રથમવાર કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઓએમઆર સીટમાં ઈ ઓપશન ઉમેરવામાં આવ્યું હતું. જેથી ઉમેદવારોને નેગેટીવ માર્કિંગનો ભય ઓછો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત ગૌણ સેવા આયોગ દ્વારા આજે રાજ્યભરમાં બિન સચિવાલય કારકુનોની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજે ૩ લાખથી વધારે ઉમેદવારોએ વિવિધ કેન્દ્રો પર પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લામાં પણ ૮૪ કેન્દ્રો પર ૩૦ હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. બિન સચિવાલયની પરીક્ષાને લઈ આયોગ દ્વારા જુદા જુદા વિષયોને આવરી લેતુ કુલ ૨૦૦ ગુણનું પેપર કાઢવામાં આવ્યું હતું. જો કે અન્ય પરીક્ષા કરતા આજનું પેપર એકદમ સરળ અને ઈઝી નીકળતા ઉમેદવારો ગેલમાં આવી ગયા હતા. પરીક્ષાના પ્રશ્નપત્રમાં સૌથી વધુ ભાર ભારતીય બંધારણ પર મુકવામાં આવ્યો હતો. ૨૦૦માંથી ૪૫ પ્રશ્નએ બંધારણમાંથી પુછવામાં આવ્યા હતા. જ્યારે સામાન્ય અભ્યાસમાંથી ૪૨ પ્રશ્નો, કમ્પ્યુટરમાંથી ૨૩ પ્રશ્નો, અંગ્રેજીમાંથી ૨૧ પ્રશ્નો, ગણિતમાંથી ૧૦ પ્રશ્નો, ગુજરાતીમાંથી ૨૨ પ્રશ્નો, વર્તમાન પ્રવાહોમાંથી ૧૨ પ્રશ્નો અને સામાન્ય વિજ્ઞાનમાંથી ૧૨ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જે

● અનુસંધાન પાન-૭ પર

# ચન્દ્રથી ૬,૭,૮ સ્થાનમાં શુભ ગ્રહ હોય તો સરકારી નોકરીમાં ઉચ્ચ પદ મળે છે

**હસ્તરેખા દર્પણ**
**ડો. ચંન્દ્રકાન્ત નાણાવટી**
**જ્યોતિષ આચાર્ય**

(૧) હાથમાં શુક્ર પરથી ભાગ્યરેખા શરૂ થાય તો ભાગ્યોદય પછી થાય. (૨) જે લોકોને સંતાન થતા ન હોય તો ઘરના અગ્નિ ખૂણામાં સુવાનું રાખવું જોઈએ. લાભ થશે (૩) ૫માં સ્થાને જો શનિ હોય તે વ્યક્તિ સમાજ અને સોસાયટીથી અલગ પડે છે. (૪) હાથમાં બુધ રેખા વાંકીચૂંકી હોય તો કાયમી વ્યક્તિને કોઈ ને કોઈ બિમારી રહ્યા કરે છે. (૫) ઘરમાં અંદરથી સીડી બનેલી હોય તો પેટ, લોહીની બિમારી, બાળકોના અભ્યાસ નોકરીમાં તકલીફ થાય - તોડ્યા વગર ઉપાય શક્ય છે. (૬) કુંડળીમાં ૧૨ સ્થાનનો માલિક ચોથે આવે તો રૂા.ની ખેંચ - સંપત્તિ વેચવી પડે તેવા યોગ થાય. (૭) નવમા સ્થાને ધનનો ચન્દ્ર વ્યક્તિને હંમેશા પરદેશમાં રોકી રાખે છે. (૮) પાંચમાં સ્થાનમાં ચન્દ્ર-શુક્ર પસંદગીના લવમેરેજ કરાવે. (૯) ઘરમાં ઈશાન, પૂર્વમાં વાસ્તુદોષ હશે તો અભ્યાસ અને નોકરી પર ચોક્કસ અસર થવાની વિઝીટ કરાવો.

**નોંધ : હસ્તરેખા-કુંડળી બતાવવા ડો. નાણાવટીની એપોઈન્ટમેન્ટ લેવી.**

**97230 96737, 93761 36727, સે.૫-બી, ૬૧૭/૨**

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**

NOTICE UNDER SECTION 260(1) OF MAHARASHTA MOTOR VEHICLE ACT-1989

**ALLICATION NO. 946/2004**

**MISC. APPLICATION NO. 742/2013**

Ms. Pratibha Sitaram Khale ...Applicant

V/s.

Shri. K. N. Soni ...Opponent

AND

The United India Ass. Co. Ltd. ...Insurer.

To,
Shri. K. N. Soni
Add : 170, Transport Nagar, Aslali,
Dist. Ahmedabad.

To,
Where as per the Attached Application, applicant have lodged application against you to claim compensation Under Section **166 & 140 A** of Moto Vehicle Act-1988 regarding the mentioned accident under section 165 clause (1) Of Motor Vehicle Act 1988. Therefore you should remain present in **Court No. 2** on **19/1/2015 at 11.00 A.M.** and shor cause why compensation amount demanded by applicant should not be approved.

If you will fail to remain present on above mention date then court will considered that you have nothing to say about the compensation and the court will declared on sided judgment. Kindly note this.

This Notice issued today on 1/12/2014 with my signature and seal of the Judiciary Court.

Court Seal

By Order
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai-400 001.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com